

# અનુપમની હે અમૃતધારા...!

~ **સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા**

**શ્રી યોગીઆજ્ઞા યુવાવર્તન શિબિર,**
**૨૨ નવેમ્બર ૨૦૨૫, ‘પારમિતા’ સભાખંડ, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**અનુપમ કેર્સ**ના જે મુખ્ય મુખ્ય મુદ્દા છે એને અનુલક્ષીને અનુપમ મિશનનાં તમામ કેન્દ્રોમાં પ્રવૃત્તિઓ થાય એવી ઇચ્છા અને ભાવના છે, તે આપણને અહીં શિબિરમાં સમજાવ્યું. આવી રહેલાં ૧૫ વર્ષમાં સમાજજીવનનાં મૂલ્યોમાં જે પરિવર્તન આવવાનું છે અને એને પરિણામે આપણી ઊછરતી યુવાનપેઢી શિક્ષિત તો થશે, પણ સાથે સાથે સંસ્કારી બને અને એનો સર્વાંગી વિકાસ થાય તેવું આપણને માર્ગદર્શન મળી રહ્યું છે, અને હવેનાં નજીકનાં વર્ષોમાં પણ એ માર્ગદર્શન પ્રમાણે આપણે સૌ કામ કરવા માટે કટિબદ્ધ થઈશું.

આમ તો, અનુપમ કેર્સ જોઈને આપણે બહુ પ્રભાવમાં આવી જવાની જરૂર નથી. વિદેશમાં વસતા આપણા સત્સંગીઓ અને આપણા આ દેશમાં જન્મેલા ને દેશ-વિદેશની પદ્ધતિ પ્રમાણે વિચારવા ને કામ કરવા માટે ટેવાયેલા-એમને નવા સમય માટે તૈયાર થવા માટે આ એક બહુ સુંદર વિચાર આપણને આપ્યો છે. કરવાનું તો એકનું એક જ છે, ખાલી લેબલ બદલાયું છે; અંદરનો જે માલ છે એ તો જે મૂળ છે ને ઓરિજિનલ છે એ જ છે. એમાં સૌથી પહેલાંમાં પહેલું યોગીજી મહારાજની જે આજ્ઞા હતી એ આજ્ઞા-અઠવાડિક સત્સંગસભામાં નિયમિત, સક્રિય અને સમનથી ભાગરૂપ બનવાનો પાયો હજુ પણ આપણો કાચો રહ્યો છે તો આપણે એકડેએકથી નવી શરૂઆત કરવાનો રૂડો સંકલ્પ કરીએ. આપણી પાસે જે કંઈ પણ સાધન છે, સુવિધાઓ છે અને માનવ સંસાધનો પ્રાપ્ત થયેલાં છે, એના દ્વારા આપણે કામ કરવાનું છે.

આના માટે દરેક મંડળમાં એવાં બે-ત્રણ ગૃહસ્થ ભાઈઓ-બહેનો કૃતનિશ્ચયી થાય કે, આપણી ઊછરતી યુવાનપેઢીને આપણે આપણા સંસ્કાર આપીએ. પણ એમની ચૅલેન્જીસ જુદી છે. હમણાં કહેવાયું એમ, પંજાબના ચોખાનો ભાવ હવે આણંદના વ્યાપારીને ખબર પડે છે ને આણંદના ગ્રાહકને પણ ખબર પડે છે; એટલે વ્યાપારી વધારે પડતો નફો કમાઈ શકતા નથી-એ અત્યારના સમયની હકીકત છે, જે એમના પિતાજીના વખતમાં નહોતી. અત્યારે આપણને બધી જ જાણકારી હાથવગી થઈ ગઈ છે, અને આપણે એનું શિક્ષણ દિન-પ્રતિદિન મેળવતા જઈએ છીએ એટલે એ વિષયમાં વધારે ને વધારે આપણે જાણકાર બનતા જઈએ છીએ.

હમણાં આપણને બહુ સુંદર ઉદાહરણ અપાયું કે, સોનાનું ઘરેણું આપણે પ્રસંગોપાત પહેરીએ છીએ અને પછી એને સાચવીને મૂકી રાખીએ છીએ. એ કિંમતી છે, પણ એની અનિવાર્યતા નથી. હવે મૉબાઇલ, સ્માર્ટ ફૉન એ આપણા જીવનની અનિવાર્યતા બની ગઈ છે. અને આપણું જોઈને આપણાં સંતાનો પણ કાચી ઉંમરે મૉબાઇલ માટેની માંગણી કરે છે, હઠ કરે છે અને પછી એનો સદુપયોગ થાય કે દુરુપયોગ થાય, પણ મજબૂર થઈને આપણે એમની માંગણીને પૂરી કરીએ છીએ અને એનાં કુપરિણામો પણ આપણે વર્તમાન સમયમાં જોઈ રહ્યાં છીએ.

ગઈ કાલે મેં સમાચાર વાંચ્યા કે, આ ઊછરતી યુવાનપેઢીના મગજમાં શું ચાલી રહ્યું છે એની ખબર નથી પડતી. એક ૧૧ વર્ષની દીકરીએ એની માતાએ જે રસોઈ કરી હતી, એ રસોઈમાં ઝેર નાંખી દીધું. એ માટે બે-ત્રણ દિવસની એની પૂર્વતૈયારી હતી. એ ક્યાંકથી ઝેર લઈ આવી અને એની માતા રસોઈ પતાવીને ન્હાવા માટે ગઈ ત્યારે એને સમય મળ્યો એટલે તૈયાર થયેલ રસોઈમાં ઝેર નાખી દીધું. પણ બાળક છે એટલે રીઢો ગુનેગાર જેવી કાળજી રાખે એવી કાળજી એ રાખી શકી નહીં એટલે

ખાલી ઝેરની બૉટલ પણ પ્લૅટફૉર્મ પર જ પડી રહી હતી. મમ્મીએ બાથરૂમમાંથી બહાર આવીને જોયું, પછી બાળકીની ઊલટ તપાસ લીધી અને ઝેર નાંખવાનું કારણ જ્યારે પૂછ્યું ત્યારે એણે એમ કહ્યું કે, 'મને જે ગમે છે એ દીકરા સાથે મારે લગ્ન કરવાં છે, પણ તમે વાંધો ના લો અને તમે જો મરી જાવ તો મારો રસ્તો ચોખ્ખો થાય.' તમે વિચાર કરો, આ વિદેશની વાત નથી, આ ભારતની-ગુજરાતની વાત છે કે, ૧૧ વર્ષની એક દીકરી પોતાના ભાવિ જીવન વિશે, લગ્નજીવન વિશે અને જેની સાથે મૉબાઈલથી એને પ્રેમ થયો છે એ પાત્રની સાથે લગ્ન કરવા માટે એણે સરળ રસ્તો શોધી કાઢ્યો કે મમ્મી-પપ્પા મરી જાય તો આપણે સ્વતંત્ર અને આઝાદ; અને એટલે આપણે જે કરવું હોય એ કરી શકીએ. આના પરથી આપણે મંદિરની, સંતોની અને સત્સંગની કેટલી આવશ્યકતા છે તે વાત ગંભીરતાથી વિચારવા માટે આ શિબિરનો વિષય પંસદ કર્યો છે.

ગુરુહરિ સાહેબદાદાએ આપ સૌના સાથ-સહકારથી મુંબઈથી માંડીને છેક કચ્છ સુધીના પ્રદેશોમાં, વિભાગોમાં મંદિરો બનાવીને શ્રી ઠાકોરજીનાં સ્થાપન કર્યાં છે. સ્થાનિક સત્સંગમંડળો પણ છે. અને પોતાના હૈયાના કાળજાના ટુકડા સમાન સંતોને એમણે પ્રાદેશિક સંતો તરીકે બધે જવા માટે વહેંચી આપ્યા છે.

અનુપમ કૅર્સનું આપણે જે પ્રૅઝન્ટેશન જોયું, એની વિદેશોમાં તાતી જરૂરિયાત છે, તો હવે આપણા દેશમાં પણ એની તાતી જરૂરિયાત આપણને સમજાઈ રહી છે. દેશમાં હોય કે વિદેશમાં હોય, દરેક મા-બાપ ઈચ્છે છે કે, પોતાનું બાળક ધાર્મિક અને સંસ્કારી બને. ધર્મ એનો પાયો છે, મંદિર એનું સ્થાન છે અને સંતો એના શિક્ષક કે માર્ગદર્શક છે. પણ પરિવારમાં એટલો જ રોલ માતા-પિતાનો પણ અગત્યનો છે. બાળકને ફી ભરીને સારી શાળામાં ભણવા માટે મોકલી દીધું એટલે આપણી જવાબદારીમાંથી આપણે છૂટી ગયાં એ માનસિકતામાં હવે બદલાવ લાવવાની જરૂર છે. એ જ પ્રમાણે બાળક અઠવાડિક સત્સંગસભામાં કે મંદિરે જાય છે એટલે મંડળના કાર્યકર્તાઓ જો દીકરા-દીકરીઓને સાચવી લેતા હોય તો ઘરે પરિવારને ઘણી બધી રીતે નિરાંત મળતી હોય છે. પણ એ મનોવૃત્તિમાંથી બહાર નીકળીને આપણે સક્રિય થઈને, ખભેખભા મિલાવીને સંતોને સાથે અને આગળ રાખીને આ સંસ્કારસિંચનની જે પ્રવૃત્તિ સત્સંગના માધ્યમ દ્વારા થાય છે એના માટે સંકલ્પબદ્ધ બનવું જોઈશે.

સંતોએ તો એમનું પોતાનું જીવન ગુરુની આજ્ઞાથી પ્રભુની સેવા માટે અર્પણ કર્યું છે એટલે સંતો તો છે જ, મંદિર પણ છે, મૂર્તિ પણ છે, શાસ્ત્ર પણ છે અને આપણી આગળ આપણા વડીલો આ માર્ગે ચાલીને સુખી અને સંપન્ન થયા છે. આજે આપણને જે સુવિધાઓ મળી રહી છે, એ આપણા પિતાજીના સમયમાં નહોતી અને એની સાથે સાથે આપણાં સંતાનો જે સુવિધા મેળવી રહ્યાં છે એ આપણા સમયમાં પણ નહોતી. વળી, ૧૫૦ વર્ષમાં જે પરિવર્તન નથી આવ્યાં એ હવે પછીનાં ૧૫ વર્ષમાં આવવાનાં છે. હજુ જેમની પાસે લાંબું જીવન છે, ઘણી નવી ઉમ્મીદ, આશા, ઉમંગ, ઉત્સાહ અને વિચાર-પ્રયોજન છે તેઓ સક્રિય બનીને, ગુરુઆજ્ઞાથી પ્રભુભક્તિ માટે એને જો કામે લગાડે તો તેમનો પોતાનો વ્યક્તિગત વિકાસ થવાનો જ છે. અમને સંતોને પણ સત્સંગમંડળોમાં મોકલીને, માનવ સમુદાય સાથે કામ કરીને અમારો પોતાનો પણ વ્યક્તિગત રીતે અને આધ્યાત્મિક રીતે વિકાસ થતો હોય છે. તો એ જ રીતે મંડળના કાર્યકર્તાઓ, મંડળના વડીલો અને પ્રમુખશ્રીઓ, મંડળના કાર્યકર્તાઓ માટે સક્રિય યુવાનો ને યુવતીઓ કે જેઓ આપણા સત્સંગમાં, સેવામાં માતા-પિતાના કહેવાથી, સંતો-વડીલોના કહેવાથી આવે છે-તેઓ આપણું ભવિષ્ય છે. એમને સત્સંગમાં ને સત્સંગની પ્રવૃત્તિઓમાં વધારે રસ પડે, તેઓ વધારે સક્રિયતાથી ભાગ લઈ શકે તેવી પ્રવૃત્તિઓ આપણે આપણાં કેન્દ્રો ઉપર કરવી એ આપણી જવાબદારી બને છે, પ્રાદેશિક સંતોની જવાબદારી બને છે.

અનુપમ કૅર્સમાં શું શું થઈ શકે એનું બહુ સરસ રીતે આપણી સમક્ષ ચાર વિભાગોમાં એક ભવિષ્યનું ચિત્ર મૂકી દીધું છે કે, આ રીતે આપણે સમગ્ર સમાજ, માનવ સમુદાય, આપણો સત્સંગ સમુદાય; એને ભારત દેશના એક સારા જાગ્રત અને જવાબદાર નાગરિક બનવાની ભાવના સુધી પહોંચાડવા માટે પોતાની જાત પ્રત્યે વફાદારી ને પ્રામાણિકતા સાથે વ્યક્તિત્વનું નિર્માણ, ઘડતર કરી શકીએ.

આપણી પાસે સંપ્રદાયની પરંપરાનો પણ બહુ મોટો ઈતિહાસ છે. હમણાં જ 'શિક્ષાપત્રી'નાં ૨૦૦ વર્ષ થયાં. જેના માટે સરદારસાહેબે કહ્યું હતું કે, 'આ 'શિક્ષાપત્રી'નું પાલન જો ભારતની તમામ પ્રજા કરે તો કોર્ટ-કચેરીઓના ધક્કા અને પોલીસ કેસનું પ્રમાણ નહીંવત્ થઈ જાય.' એવું તેઓ એમના સમયમાં બોલ્યા હતા. એટલે મૂળભૂત જે સત્ત્વ છે, સત્ય છે, એ ત્યારે પણ હતું ને આજે પણ છે. મારી સૌ સંતો ને સક્રિય કાર્યકર્તાઓને બે હાથ જોડીને પ્રાર્થના છે કે, સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી તરીકે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સંકલ્પે ભગવા હૃદયની સાધુતા પ્રાપ્ત કરવાના માર્ગે પડેલા આપણે સૌ, આપણો જે ધર્મવારસો

છે એને સારી રીતે ધારણ કરીએ અને દીપાવીએ એવું આપણું જીવન બને. જેમ પરિવારમાં દરેક માવતર ઇચ્છે છે કે, પોતાનું સંતાન હોશિયાર બને, વિનયી બને, સંસ્કારી બને, એમ આપણે સ્વામિનારાયણના સત્સંગી, પ્રભુએ આપણા ઘરે પ્રભુની ભેટ રૂપે સંતાન આપ્યું, એના વિશેની આપણી આશા ને અપેક્ષા હોય; પણ એની સામે આપણી પોતાની જાતનું વર્તન, આપણા વિચાર, આપણા આહાર-વિહાર, આપણો વ્યવહાર પરિવારમાં, સમાજમાં અને સત્સંગમાં ક્યાં ને કેવો છે અને તેમાં કેટલો સુધાર લાવવો આવશ્યક અને જરૂરી છે એ અંતરતપાસ કરવાની પણ આપણે આ શિબિરમાં ગાંઠ વાળીશું. પોતાની જાતથી શરૂ થાય, પોતાના પરિવારથી શરૂ થાય, પોતાના મંડળથી શરૂ થાય તો એનો વ્યાપ છેક રાષ્ટ્ર સુધી વિકસી શકે.

આપણે હવેના સમયમાં જે ફેરફારો આપણી પોતાની જાતમાં કરવાના છે તેમાં હજુય પાછું મૂળ વાત અઠવાડિક સત્સંગસભા ! સત્સંગસભા એટલે આપણી સત્સંગીઓની સત્સંગસભા. અને સંતાનોને સંસ્કારથી સંપન્ન કરવાં હોય તો બાળસભા, કિશોરસભા, ૪૦ વરસની લિમિટ સુધીની યુવકસભા ! અને એની ઉપરનાં બધાંએ એમના પોતાના જીવનને પોતાની પાછળની, પોતાના હાથ નીચેની પેઢીને પ્રેરણારૂપ ને માર્ગદર્શનરૂપ બને એવું બનાવવું જોઈશે.

અહીંયાં ઘણા બધા એવા વડીલ સદ્‌ગૃહસ્થો છે, મંડળ સંચાલકો છે, સક્રિય કાર્યકર્તાઓ છે કે જેઓ આ બાબતમાં સતત ચિંતિત છે. તો આપણે સૌએ ગુરુહરિ સાહેબદાદાની પ્રસન્નતાનું એક નિમિત્ત લઈને અઠવાડિક સત્સંગસભામાં સક્રિય બનવાનું ને નિયમિત રીતે હાજરી આપીએ અને જેમ પોતાના રોજિંદા જીવનના કાર્યક્રમોમાં બીજી બધી બાબતો છે એવી જ રીતે સત્સંગની આજ્ઞાઓને પણ આપણા જીવનમાં આચરણમાં લાવીએ. સાહેબદાદા એમ કહેતા કે, બે જણાં હોય તો પોતાના કુટુંબ-પરિવારથી-પોતાના કુટુંબનાં પતિ-પત્ની, માતા-પિતા અને બાળકો એમ ચાર-પાંચ જણથી પણ ઘરસભા શરૂ કરીને નિયમિત રીતે સર્વની અઠવાડિક સત્સંગસભા થવી જોઈએ એ પહેલી શરૂઆત છે. અને પછીથી જ્યાં જ્યાં જનસંખ્યા મોટી છે ત્યાં ત્યાં વિભાગો પ્રમાણેની સભા થાય અને એ સભાને વધારે રસાળ બનાવીએ તો સૌને આવવાનું મન થાય.

૧૯૫૦માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અઠવાડિક સત્સંગસભાનો પાયો નાંખીને આપણી જે સત્સંગપ્રવૃત્તિ શરૂ કરાવી એની બહુ લાંબી અને ભવ્ય ગૌરવગાથા છે. અત્યારે આપણા સંપ્રદાયનો જે પ્રચાર, પ્રસાર, વ્યાપ વધેલો જોઈએ છીએ એનું મૂળભૂત કારણ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા કરાયેલી અઠવાડિક સત્સંગસભાની શરૂઆત છે. અને ૧૯૫૭માં જ્યારે ગુરુહરિ સાહેબદાદા વલ્લભવિદ્યાનગરમાં કૉલેજમાં અભ્યાસ કરવા આવ્યા ત્યારે યોગીબાપાએ એ જ આજ્ઞા કરી કે, 'કૉલેજની હૉસ્ટેલમાં અઠવાડિક સત્સંગસભા શરૂ કરો.' આજની તારીખે પણ દર ગુરુવારે યુવાનો માટે થતી ગુરુસભા, એ અમારી વ્રતધારી યુવાનોની યુવાસંખ્યા વધારનારું એક પ્રેરકબળ છે. જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે પોતાના વતનમાંથી વલ્લભવિદ્યાનગરમાં આવ્યા, સંતોના સંબંધ-સંપર્કમાં આવ્યા અને અઠવાડિક સત્સંગસભામાં સક્રિય થયા તો એમને ભાવ થયો, ઇચ્છા થઈ કે, અમારે પણ આવું દિવ્ય જીવન જીવવું છે. અને સાહેબદાદાએ કાકાજી, પપ્પાજી, સોનાબાના પ્રેમ સાથે પોતાના છત્રમાં સૌને લીધા, જેમાંથી અનુપમ મિશનના વ્રતધારી યુવાનોની સંખ્યામાં પણ વધારો થયો.

સારા સદ્‌ગૃહસ્થો પણ સત્સંગમાં અઠવાડિક સત્સંગસભામાંથી તૈયાર થશે, ભગવા હૃદયના સાધુઓ પણ એ અઠવાડિક સત્સંગસભાના માધ્યમથી તૈયાર થશે. એ આપણી મૂડી છે, એ આપણું ભવિષ્ય છે અને એને માટે આપણે સૌ ચિંતિત થઈને આ ચિંતન શિબિરના નિમિત્તે પણ એને વધારે સઘન બનાવવાનો આપણા પક્ષેથી થઈ શકે તેવો પ્રયત્ન કરવા માટે ભેગાં થયાં છીએ. ગુરુહરિ સાહેબદાદા એના માટે આપણને સંકલ્પબદ્ધ બનાવે અને રૂડા આશીર્વાદ આપે તેવી મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

